અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (દિલ્લી) સંલગ્ન

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત

# શૈક્ષિક દીપ

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતનું મુખપત્ર

Reg Gujarat-6532/10

જુલાઈ 2016



## માર્ગદર્શક



ઘનશ્યામભાઈ એન. પટેલ
અધ્યક્ષ, રાષ્ટ્રીય શૈક્ષિક
મહાસંઘ ગુજરાત



શ્રી ભીખાભાઈ આર પટેલ
મહામંત્રી, રાષ્ટ્રીય શૈક્ષિક
મહાસંઘ ગુજરાત



રાષ્ટ્ર કે હીતમેં શિક્ષા, શિક્ષા કે હીતમેં શિક્ષક, શિક્ષક કે હીતમેં સમાજ

# સંપાદકીય

**ન**મસ્કાર,

રાષ્ટ્ર કે હિતમેં શિક્ષા ધ્યેય મંત્રનું વ્રત એ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની વૈચારિક સૂક્ષ્મ ગુંજન રૂપે વહન કરતી માનસ ધારા છે. કર્મનું મૂળ વિચારમાં હોય છે. કર્મ થકી રાષ્ટ્ર ધર્મની દિવ્યતાના દર્શન થયા કરે એ આપણો સંકલ્પ છે. ભવ્ય ભારતના નિર્માણમાં શિક્ષા-દિક્ષાનો અનુપમ યોગ સાર્થક – સફળ બની શકશે તેવી અતુટ શ્રધ્ધાની પ્રતિષ્ઠા આપણા હૃદયમાં થયેલી છે. શ્રધ્ધા માનવ હૃદયની મહામૂલી મૂડી છે. જેવો વિચાર વાવીએ તેવુ વૃક્ષ ઉગશે.આવો દોસ્તો વર્ગખંડમાં રાષ્ટ્રના ભાવીના વિચારોનું વાવેતર કરીએ,જતન કરીએ.શિક્ષણ કાર્ય પછીનો પ્રતિભાવ સમાજ ઉપર છોડીયે.સમાજે શિક્ષકત્વના સન્માનની ચિંતા કરવી પડશે.

આપણે સૌ સમજીએ છીએ કે બિંદુ-બિંદુ મળીને સિંધું બને છે. બિંદું અને સિંધુના રાસાયણિક ગુણધર્મ સમાન છે બિંદુ કે ખાબોચિયાને બંધિયાર સ્થિતિથી રોગ લાગુ પડે છે અને ઝડપથી અંત આવે છે. મહાસાગર ભરતી ઓટના હિલોળા લે છે. પરંતુ અસ્તિત્વ અખંડ રહે છે. સંગઠન મહાસાગરની શક્તિ ધરાવે છે. સંગઠન સાથે સૂર,તાલ,અને કદમ મિલાવવા કટિબદ્ધ બનીએ.

પ્રથમ ઓનલાઈન અંક શૈક્ષિક દિપ તૈયાર કરવામાં ખુબજ ઉત્સાહભેર જહેમત ઉઠાવનાર શ્રી ગીરીશભાઈ ચૌધરી , માર્ગદર્શક ગુજરાત પ્રાંતના મહામંત્રી શ્રી ભીખાભાઈ પટેલ,રાજ્યના સહયોગ કરનાર સર્વે કાર્યકર્તા બંધુઓ-ભગીનીઓનો અંતઃકરણ પુર્વક આભાર.

શિરવાડિયા ભુદરભાઈ
પાટણ

જયારે તમે સત્ય ના માર્ગ પર ચાલતા હોવ ત્યારે બાહ્ય દુશ્મનો અનેક ઉભા થાય છે પરંતુ તમારી આંતરિક શક્તિઓ ખુબ મજબુત બને છે.

# આ અંક વિશે.....

નમસ્કાર મિત્રો,

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની ટીમ દ્વારા પ્રથમ ઓનલાઈન આ માસિક અંક(મુખપત્ર) તૈયાર કરવાનો અને ઉતરોત્તર નવા વિભાગો ઉમેરી શિક્ષકોને મદદરૂપ થાય તેવી તમામ માહીતી શિક્ષકો સુધી પહોચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

મિત્રો આવનાર ભવિષ્યમાં આ અંક ને રસપ્રદ અને માહીતીનો ભંડાર બનાવવા ઈચ્છીએ છીએ અને આ તમામ માહીતી શિક્ષકો સુધી ડીઝીટલ સ્વરૂપે પહોચે એ અમારૂ લક્ષ છે. આજે ટેકનોલોજીનો જમાનો છે તો રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની ટીમ દ્વારા ટેકનોલોજીનો પુરેપુરો ખ્યાલ રાખી

Rsmgujarat.blogspot.in

નામથી એક બ્લોગ નિર્માણનું કાર્ય પણ હાથ ધરવામાં આવ્યુ છે અને સાથે સાથે આ અંકમાં ટેકનોલોજી વિશે પણ માહીતી પીરસવામાં આવી છે.આપ અમારા આ મુખપત્રને આ બ્લોગપરથી ઓનલાઈન વાંચી શકો છો અને વિના મૂલ્યે આપના મિત્રો સુધી પણ રાષ્ટ્રવાદી વિચારો પહોચાડી શકો છો.

આભાર સહ

ગીરીશ ચૌધરી

બનાસકાંઠા

**મહાન બનવા માટે પોતાના મગજ પર કાબુ મેળવવો જરૂરી છે**

# અનુક્રમણિકા

1. શૈક્ષિક મહાસંઘની રજુઆતો અને કાર્યો
2. સમાચાર દર્શન
3. ફોટોગેલેરી
4. ટેકનોશિક્ષણ
5. અરસ-પરસ બદલી
6. પ્રશ્નોતરી
7. શિક્ષણના સથવારે (વાર્તા)
8. પરીપત્રો
9. સંઘર્ષગાથા
10. આભારદર્શન

મારા ઘરે હોટેલ જેવું
ભોજન નથી બનતું ,
પકવાન મિઠાઈ પણ કોઈક
જ વાર બને છે ,
છતા હે ! પ્રભુ તારો ખુબ
ખુબ આભાર કે ,
મને પેટ ભરી ને ભોજન
તો મળે છે ,
દુનિયા માં કેટલાયે લોકોને
પેટની આગ સાથેજ
સુવાનો વારો આવે છે .
માટે હે ! પ્રભુ તારો ખરા
દિલ થી
ફરી વાર ખુબ ખુબ
આભાર........

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની રજુઆતો અને કાર્યો

## ફાજલનું રક્ષણ એક વધુ સફળતા



(સચિવ શ્રીની શુભેચ્છા મુલાકાત)

**રા**ષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા  શિક્ષકોના પ્રાણપ્રશ્ન સમાન ફાજલનો પ્રશ્ન ઉઠાવી  ગુજરાત સરકારને વારંવાર રજુઆતો કરી આ પ્રશ્નને સફળતાપૂર્વક ઉકેલવામાં આવ્યો છે. જેમા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા  આ પ્રશ્નને વારંવાર ઉઠાવી અને ઉકેલ લાવવા માટે ખુબજ મહેનત કરી છે.ભરતસિંહ ચાવડા અને તેમની સમગ્ર ટીમને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ના એક કાર્યકરના રૂપમાં અભિનંદન. પ્રશ્નનો ઉકેલ આવતા માન. મુખ્યમંત્રી, માન.શિક્ષણમંત્રી અને  સચિવ શ્રીની રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ના હોદ્દેદારોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# રજુઆતો

राष्ट्र के हित में शिक्षा, शिक्षा के हित में शिक्षक और शिक्षक के हित में समाज

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ

(સંલગ્ન)

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત

Rashtriya Shaikhik Mahasangha, Gujarat

(Reg. No. G-6532/2010)

-: કાર્યાલય :-

મધુરકર ભવન, ૩૨/એ, એલ કોલોની, નહેરૂનગર પાસે, આંબાવાડી, અમદાવાદ-૫.

सा विद्या या विमुक्तये

● અધ્યક્ષ ●

શ્રી ઘનશ્યામભાઈ એન. પટેલ

૧૪/એ, વીણાકુંજ સોસાયટી,
વસ્ત્રાપુર રેલ્વે ક્રોસીંગ પાસે,
વેજલપુર, અમદાવાદ.
મો.: ૯૪૨૭૬૧૪૦૬૪

● ઉપાધ્યક્ષ ●

શ્રી મનુભાઈ એલ. પટેલ

૫૮૬/૨, સેક્ટર-૪/સી,
ગાંધીનગર.
મો.: ૯૯૦૪૦૯૯૩૭૭

● મહામંત્રી ●

શ્રી ભીખુભાઈ આર. પટેલ

૧૬/બી, સારથી ડુપ્લેક્ષ,
જિલ્લા પુસ્તકાલય પાસે,
પાટણ.
મો.: ૯૪૨૭૦૩૭૨૦૯

● સંગઠન મંત્રી ●

શ્રી રતુભાઈ એમ. ગોળ

મુ.પો. તા. વડગામ,
જિ. બનાસકાંઠા.
મો.: ૯૪૨૭૩૯૧૯૨૭

● કોષાધ્યક્ષ ●

શ્રી દિનેશભાઈ એન. પટેલ

હરકોરનગર સોસાયટી,
આદર્શ હાઈસ્કૂલ પાછળ,
પાટણ.
મો.: ૯૯૨૫૧૬૮૧૯૧

દિનાંક. ૨૪/૬/૨૦૧૬

પરમ સ્નેહીશ્રી

માન. શિક્ષણમંત્રીશ્રી,

આદરણીય. ચુડાસમા સાહેબશ્રી

વિષય :- ખાસ ભરતી થયેલા જિલ્લામાં બોન્ડ ના સમયગાળો ઘટાડવા બાબત

સવિનય ઉપરોક્ત વિષય અનુસંધાને આપ સાહેબશ્રીને વિનંતી કે ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ૧૦ વર્ષના બોન્ડ ઉપર વિદ્યાસહાયક શિક્ષકોની ભરતી થયેલ છે. જેમના ઓર્ડરમાં ઉપરોક્ત બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

પરંતુ ૧૦ વર્ષનો સમયગાળો ખૂબજ વધારે છે. તથા સ્ત્રી શિક્ષકાઓ માટેતો ખરેખર દૂર અને અંતરીયાળ વિસ્તારમાં આટલો સમય પરિવાર અને કુટુંબથી દૂર રહેવા માટે ખૂબજ કઠીન છે. વર્તમાન સરકાર શિક્ષકો માટે ખૂબજ હકારાત્મક નિર્ણયો લઈ રહી હોવાથી અમારા સંગઠન સાથે જોડાયેલ શિક્ષકોની માંગણી મુજબ બોન્ડનો સમયગાળો ૧૦ વર્ષથી ઓછો કરી ૩ થી ૫ વર્ષ કરવામાં આવે - તેવી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત તરફથી આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી છે.

- આ અંગે માન. મુખ્યમંત્રીશ્રીનું પણ સંગઠન ધ્યાન દોરેલ છે

ભવદીય

(સહી) પ્રમુખ — (સહી) મહામંત્રી — (સહી) કોષાધ્યક્ષ

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ
ગુજરાત રાજ્ય

# રજુઆતો

राष्ट्र के हित में शिक्षा, शिक्षा के हित में शिक्षक और शिक्षक के हित में समाज

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ

(સંલગ્ન)

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત

**Rashtriya Shaikhik Mahasangha, Gujarat**

(Reg. No. G-6532/2010)

-: કાર્યાલય :-

મધુરકર ભવન, ૩૨/એ, એલ કોલોની, નહેરૂનગર પાસે, આંબાવાડી, અમદાવાદ-૫.

● અધ્યક્ષ ●

શ્રી ઘનશ્યામભાઈ એન. પટેલ

૧૪/એ, વીણાકુંજ સોસાયટી,
વસ્ત્રાપુર રેલ્વે ક્રોસીંગ પાસે,
વેજલપુર, અમદાવાદ.
મો.: ૯૪૨૭૬૧૪૦૬૪

● ઉપાધ્યક્ષ ●

શ્રી મનુભાઈ એલ. પટેલ

૫૮૬/૨, સેક્ટર-૪/સી,
ગાંધીનગર.
મો.: ૯૯૦૪૦૯૯૩૭૭

● મહામંત્રી ●

શ્રી ભીખુભાઈ આર. પટેલ

૧૬/બી, સારથી કુપ્લેક્ષ,
જિલ્લા પુસ્તકાલય પાસે,
પાટણ.
મો.: ૯૪૨૭૦૩૭૨૦૯

● સંગઠન મંત્રી ●

શ્રી રતુભાઈ એમ. ગોળ

મુ.પો. તા. વડગામ,
જિ. બનાસકાંઠા.
મો.: ૯૪૨૭૩૯૧૯૨૭

● કોપાધ્યક્ષ ●

શ્રી દિનેશભાઈ એન. પટેલ

હરકોરનગર સોસાયટી,
આદર્શ હાઈસ્કૂલ પાછળ,
પાટણ.
મો.: ૯૯૨૫૧૬૮૧૯૧

---

જાવક નં.૩૮૦

ૐ
જય સારસ્વતમ્

દિનાંક :૩૦-૬-૨૦૧૫
અધિક, અષાઢ સુદ તેરસ
વિક્રમ સંવત ૨૦૭૧
મંગળવાર

પરમ સ્નેહીશ્રી,

સારસ્વત બંધુ /ભગિનિ ........................................................

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની દર વર્ષની જેમ વર્ષના પ્રારંભમાં સમગ્ર વર્ષના આયોજન અંગેની વિશેષ બેઠક આ વર્ષે નીચે પ્રમાણે છે જેમાં રાજયના તમામ જીલ્લાના ઘટકો પ્રાથમિક તથા માધ્યમિકની જીલ્લા કારોબારી મહીલાવિંગ તથા શિક્ષક હિત સમિતિ વ્યાયામ મંડળ ગૃપ, વિદ્યા સહાયક ગૃપ, હેડ ટીચર ગૃપ અને વિશેષ કાર્યકર્તા શિક્ષક ભાઈ-બહેનો બેઠકમાં અપેક્ષિત છે બેઠકમાં **શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ તથા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પશ્ચિમ ભારતના કાર્યવાહ માન.સુનિલભાઈ મહેતા** ઉપસ્થિત રહેવાના છે. આપણા પ્રશ્નો, માંગણીઓ, રજુઆતો સાથે સમગ્ર વર્ષના કામનુ આયોજન કરવાનુ હોવાથી બેઠકમાં અપેક્ષિત તમામ ઉપસ્થિત રહે તેવી પ્રાર્થના છે.

સ્થળ :- ડો. હેડગેવાર ભવન, બળિયાકાકા માર્ગ, કાંકરિયા, કર્ણાવતી અમદાવાદ

દિનાંક :- ૧૨, જુલાઈ-૨૦૧૫, રવિવાર સવારે ૯-૦૦ થી સાંજે ૪-૦૦ સુધી

અપેક્ષિત :- રાજયના તમામ જીલ્લાના રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રાથમિક/માધ્યમિકના જીલ્લાના સ્તરના હોદ્દેદારો, ૬ થી ૮ ના વિદ્યાસહાયક, વ્યાયામ ગૃપ શિક્ષક પ્રતિનિધી, એચ.ટાટ આચાર્ય પ્રતિનિધી તથા એ.ટી.ડી. શિક્ષક પ્રતિનિધી અને મહિલાવિંગ.

વિશેષ
ઉપસ્થિત : માન. સુનિલભાઈ મહેતા, R.S.S.પશ્ચિમ ક્ષેત્ર કાર્યવાહ, વિદ્યાનગર
માન. ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત રાજય
માન. મોહનજી પુરોહિત, અખિલ ભારતીય સચિવ,A.B.R.S.M.દિલ્હી.

**રજુઆતના મુદ્દા:-**

### -: પ્રા. શાળાના વ્યાયામ શિક્ષકોના પ્રશ્નો :-

(૧) યોગ શિક્ષણ ધો-૬ થી ૮ માં દાખલ થાય તે પહેલાં હાલ પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શારીરિક શિક્ષણના તાલીમી સ્નાતક સમકક્ષ શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શાળામાં વિકલ્પ સ્વીકારવા બાબત.

(૨) ડી.પી.એડ/બી.પી.એડ/સી.પી.એડ અને સ્નાતક/બી.પી.ઈ/એમ.પી.ઈ. જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રા. શાળાના શિક્ષકોને એચ.ટાટની પરીક્ષા આપવા દઈ પ્રા. શાળામાં આચાર્યની ભરતી કરવા બાબત.

(૩) યોગ અને શારીરિક શિક્ષણનો ફરજીયાત વિષય દાખલ કરી ધો-૬ થી ૮ માં વિષય શિક્ષકનો દરજ્જો આપવો અને અન્ય વિષયના જેટલુ મહત્વ આપવા બાબત.

(૪) ધો. ૬ થી ૮ માં વ્યાયામ શિક્ષકોની પુર્ણ કાલીન ભરતી કરવા બાબત.

(૫) શારીરિક શિક્ષણના શિક્ષકોની કામગીરી અંગે આર.ટી.ઈ. એકટ ૨૦૦૯ ની કલમમાં ફેરફાર કરવા બાબત.

ભવદીય

ઘનશ્યામભાઈ પટેલ
અધ્યક્ષ

ભીખાભાઈ પટેલ
મહામંત્રી

# સમાચાર દર્પણ

- બનાસકાંઠાની જીલ્લા કારોબારીની બેઠક મળી.
- થરાદ તાલુકાની કારોબારીની રચના કરવામાં આવી.
- ભુજ તાલુકાની કારોબારીની રચના કરવામાં આવી.
- હારીજ તાલુકાની કારોબારીની બેઠક મળી.
- શિક્ષાભુષણ એવોર્ડ ના કાર્યક્રમમાં ગુજરાતની ટીમને દિલ્લી મોકલવામાં આવી.
- વિદ્યાસહાયકોના બોન્ડની સમય મર્યાદા ઘટાડવા સજ્જડ રજુઆત કરવામાં આવી.
- રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની માગણી અને સતત મહેનતથી માધ્યમિકના શિક્ષકોને ફાજલ ના કરવાની માંગ સરકારે સ્વીકારી.
- શાળાઓમાં કલાર્કની ભરતી કરવાની રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની માગણી સરકારે સ્વીકારી.
- રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની માગણી ના પગલે વ્યાયામ શિક્ષકોની ભરતી કરવા ગુજરાત સરકારે નવી શિક્ષણનિતિમાં જોગવાઈ કરવા કેન્દ્રને રજુઆત કરી.
- પાટણમાં શૈક્ષિક મહાસંઘ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકોને ગોલ્ડ મેડલ થી સન્માનિત કરાયા.
- ભાભર તાલુકાની કારોબારીની રચના કરવામાં આવી.

બેઈમાની અને ચાલાકી વડે મેળવેલા વૈભવ નો રૂઆબ અને માનપાન રેતીની દીવાલ જેવા હોય છે. જે થોડીક હવા ફુકાય તો જમીન દોસ્ત થઇ જાય છે.

# શ્રેષ્ઠ શિક્ષકોને ગોલ્ડ મેડલથી સન્માનિત

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ પાટણ દ્વારા હારીજ ખાતે ગુરૂવંદનાનો કાર્યક્રમ યોજાઈ ગયો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જીલ્લા સંઘ સંચાલક માન. ભાનુભાઈ સોનીની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં જીલ્લા શિક્ષણાધિકારી શ્રી તથા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી અને ગુજરાત પાઠ્યપુસ્તક મંડળના સભ્ય જગદીશભાઈ પાવરા હાજર રહ્યા. આ કાર્યક્રમમાં શિક્ષકોના ઘટતા સન્માન અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી અને સન્માન જળવાઈ રહે તેવા કાર્યો કરતા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના કાર્યો ની પ્રશંસા કરવામાં આવી. આ કાર્યક્રમમાં 2 પ્રાથમિકના અને 2 માધ્યમિકના શિક્ષકોને ગોલ્ડ મેડલ સન્માનપત્ર અને શ્રીફળ આપી સન્માનિત કરાયા. અંતમાં વેદવ્યાસનું પૂજન કરવામાં આવ્યુ. આ કાર્યક્રમમાં લગભગ 250 શિક્ષકો હાજર રહ્યા.



# ફોટો ગેલરી



રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત રાજ્ય
તથા
ઘટક જિલ્લો ગાંધીનગર
આયોજિત
કાત્મ માનવદર્શન અને શાશ્વત જીવન મૂલ્યો આધારિત








## ટેક્નો ટિપ્સ

## કમ્પ્યુટર પર whatsapp કેવી રીતે ચાલુ કરી શકાય?

આપના કમ્પ્યુટરમાં  ગૂગલક્રોમ ડાઉનલોડ કરો.

હવે ગૂગલક્રોમમાં web.whatsapp.com  વેબસાઈટ ખોલો  ત્યાં એક ક્યુ આર કોડ ચોરસમાં દેખાશે.

હવે મોબાઈલમાં whatsapp ખોલો અને મેનુમાં જઈ whatsapp web પર કલીક કરો.

હવે કેમેરો ચાલુ થશે.

કમ્પ્યુટરમાં દેખાતા ક્યુ આર કોડની સામે કેમેરો લઈ જાવ અને સ્કેન કરો.

બસ સ્કેન થતાંજ કમ્પ્યુટરમાં Whatsapp  ચાલુ થઈ જશે.

કામ પુરુ કર્યા બાદ whatsapp web  માંથી લોગઆઉટ કરવાનું ભુલતા નહી.

મોબાઈલમાં ડેટા ચાલુ હશે તોજ Whatsapp  ચાલુ રહેશે.

---

## કમ્પ્યુટરમાં એપ ઈન્સટોલ કર્યા વિના એપ  પેન ડ્રાઈવમાં રન કરી શકાય?

હા   http://portableapps.com  પર પોર્ટેબલ એપનું સોફ્ટવેયર પેનડ્રાઈવમાં ઈન્સટોલ કરો આ સોફ્ટવેયરને ખોલી જરૂરી એપ એમાં ડાઉનલોડ કરી લો. આ બધી એપ પેનડ્રાઈવમાં ઈન્સટોલ કરો. બસ હવે જ્યાં જાઓ ત્યાં તમારી પસંદગીની એપ તમારી સાથે હશે. કમ્પ્યુટરમાં પેનડ્રાઈવ નાખો, પોર્ટેબલ એપ ખોલી જરુરી એપ ખોલો અને ઉપયોગ કરો. આનાથી કમ્પ્યુટર પર ભારણ ઘટાડી શકાય અને આપનું કામ સરળ થાય.

Www.shixan.in
ગીરીશ ચૌધરી

# અરસ પરસ બદલી

- ***1 બનાસકાંઠાથી સાબરકાંઠાના બાયડ તાલુકામાં આવવા માગતા ભાષાના શિક્ષકોએ 9925637809 પર સંપર્ક કરવો***

આ વિભાગ હાલ પુરતો નિશુલ્ક છે જે મિત્રો પોતાની જાહેરાત આપવા ઈચ્છે તે મિત્રો રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના સભ્ય હોવા ફરજિયાત છે. સભ્ય હોવા નો પુરાવો (પાવતીનો ફોટો) અને જાહેરાત rsmguj@gmail.com પર મોકલો.

**શિક્ષણમાં છે વિશ્વાસ.....**

શૈક્ષિક સંઘમાં વિશ્વાસ (૨)  
હો.. શમણાંઓ સાચા પડશે, નવી દિશાઓ મળશે,  
શાને રે થાવું નિરાશ...... શૈક્ષિક સંઘમાં વિશ્વાસ..  
એક મેક થઈને રે'વું, કોઈને ના કનડવું,  
કોઈનો ન કરવો વિલાપ...... શૈક્ષિક સંઘમાં વિશ્વાસ..  
ભારતના ખૂણે ખૂણે, ગુંજે ગુજરાતના આંગણે,  
સપનું કરવું છે સાકાર...... શૈક્ષિક સંઘમાં વિશ્વાસ..  
હૈયામાં હિંમત ભરી, તેજસ્વી વિચાર ધરી,  
ગાવા ખુમારીના ગાન...... શૈક્ષિક સંઘમાં વિશ્વાસ..  
કાર્યકર નાનો-મોટો, એનો સચવાય છે મોભો,  
સૌના જળવાય છે માન...... શૈક્ષિક સંઘમાં વિશ્વાસ..  
હિંદનું સંગઠન એવું, પાવન ગંગાજળ જેવું,  
ન હોય લગીરે કચાશ...... શૈક્ષિક સંઘમાં વિશ્વાસ..  
ઊંચા વિચારો આવશે, મનડાને ગમે એવા,  
દેશે જીવનભરનો સાથ...... શૈક્ષિક સંઘમાં વિશ્વાસ..  
મુઠ્ઠી ઉંચેરા માનવી, એની એ ધુરા સંભાળી,  
રહેવું છે એની સંગાથ...... શૈક્ષિક સંઘમાં વિશ્વાસ..  
આંગણવાડીથી લઈ, વિશ્વ વિદ્યાલય સુધી,  
કરવા એના કામો તમામ...... શિક્ષણમાં છે વિશ્વાસ..

રચના :- શ્રી વિરેન પ્રજાપતિ  
ખોલવાડા પ્રા.શાળા, તા.સિદ્ધપુર.

વિચારોના ઝરણાં?

# સાચી તાલીમ ની જરૂર

એક રાજા ને બાજ પક્ષી નો ખુબ જ શોખ હતો. એક દિવસ એક શિકારી એ રાજા ને બાજ ના બે નવજાત બચ્ચાં આપી ગયો. રાજા એ પોતાના ખાસ બાજ પ્રશિક્ષક ને એ બંને બચ્ચાંઓ ને તૈયાર કરવા નો આદેશ આપ્યો.

સમય વિતતા રાજા તે બંને બાજ નો વિકાસ જોવા ગયો જોયું તો એક બાજ તો ગર્વભેર આકાશ માં ઉડતો હતો પણ બીજો બાજ એક ડાળી પર જ બેઠો હતો.

રાજા એ પ્રશિક્ષક ને પૂછ્યું કે આ બીજું બાજ બાળ કેમ નથી ઉડતું?

‘મહારાજ, ખબર નહિ કેમ પણ હું તો બંને ને સરખી જ તાલીમ આપું છું પણ આ બાજ થોડું ઉડી પાછું પોતાની ડાળી પર જ બેસી જાય છે...

રાજા ને પણ અચરજ થયું એને એના રાજ્ય માં જાહેરાત કરી કે જે કોઈ આ બાજ ને ઉડતા શીખવશે એને ઈનામ આપવા માં આવશે..

ઘણા પક્ષીવિદો આવ્યા પણ એ બાજ તો ડાળી થી દુર જાય જ નહિ એમની વચ્ચે ગામડા નો એક ખેડૂત આવ્યો.

થોડા દિવસ પછી રાજા એ જોયું કે બંને બાજ પક્ષીઓ આકાશ ની ઉંચાઈઓ માપી રહ્યા હતા. રાજા એ પૂછ્યું તે આમ કેમ કર્યું? ખેડૂત કહે ‘મહારાજ, હું બહુ જ્ઞાન ની વાતો તો નથી જાણતો પણ મેં તો ફક્ત એ ડાળી જ કાપી નાખી જેના ઉપર એ પક્ષી બેસતુ હતું અને જેવી એ ડાળી નો રહી, પક્ષી આકાશ ની ઉંચાઈઓ ને પ્રાપ્ત કરી શક્યું”

મિત્રો, મારે એટલું જ કેહવું છે કે આપણી સમક્ષ પણ આખું આકાશ પડેલું છે પણ આપણે અમુક ડાળી ને વળગી રહ્યા છીએ, ‘આ મારા થી નહિ થાય’ બસ આ ડાળી જો આપણે મૂકી દઈએ તો સફળતા નું આકાશ માપી લેવું અઘરું નથી...

દિનેશ ચૌધરી દાહોદ

# પરિપત્રો

રાજ્ય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગો પરની જ્ગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક પામેલ કર્મચારીઓને મળવાપાત્ર 'ખાસ રજા' મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણાવિભાગ,
ઠરાવ ક્રમાંક:– ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૨)/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:– ૧૨/૦૭/૨૦૧૬

**સંદર્ભ:–**

(૧) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૨) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૨)ઝ.૧
(૩) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૩)ઝ.૧

**આમુખ :–**

સંદર્ભ ક્રમાંક–(૧) સામેના નાણા વિભાગના ઠરાવથી રાજ્ય સરકારની કચેરીઓમાં વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગોમાં રાજ્ય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ ,પગારથી સીધી ભરતીથી નિમણૂકો આપવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે તેમજ આ ઠરાવ સંદર્ભમાં નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓનો ફીકસ પગાર તેમજ તેમની સેવાઓની શરતોમાં જરૂરી સુધારા કરવામાં આવેલ છે.

નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂકોના ફીકસ પગાર તેમજ તેમની સેવાઓની શરતોમાં કરવામાં આવેલ ઉકત સુધારા અન્વયે ફકરા–૪ હેઠળ રજાઓ બાબતે થયેલ જોગવાઈ ક્રમ–૨ હેઠળ નીચે મુજબ જોગવાઈ થયેલ છે.

**"કર્મચારીની પોતાની ગંભીર બિમારી કે અકસ્માતના કારણે થયેલી ગંભીર ઈજાના સંજોગોમાં તેઓને ખાસ રજા મંજૂર કરવા સંબંધિત વિભાગ નાણા વિભાગની મંજુરી મેળવી રજા મંજુર કરી શકશે. અને આ રજાના સમયગાળાનો નિયમોનુસાર પગાર–ભથ્થાં મળવાપાત્ર થશે."**

ઉકત જોગવાઈ સંદર્ભે આવી કેટલી ખાસ રજાઓ મંજુર કરી શકાય તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**–: ઠરાવ :–**

રાજ્ય સરકારની કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ ક્રમાંક–(૨) સામેના નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવની શરત–૪(૨) હેઠળ નિયત થયેલ 'ખાસ રજા'ની જોગવાઈ હેઠળ નીચે મુજબનો સુધારો/સ્પષ્ટતા કરવામાં આવે છે.

(પાછળ

E/FOLDER-C/ECONOMY 233

**૧. ફીક્સ પગારના કર્મચારીઓને વર્ષ દરમ્યાન માંદગીના હેતુ માટેની રજાઓ, પુરા પગારમાં ૧૦ અથવા અડધા પગારમાં ૨૦ રજા નિયમ મુજબ મેડીકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે. આ ઉપરાંતની માંદગીની રજાઓ કપાત પગારથી ભોગવવાની રહેશે.**

**૨. સબંધિત વહીવટી વિભાગના સચિવશ્રી આ રજાઓ મંજુર કરી શકશે.**

**૩. આ રજાઓ એકઠી(accumulate) થઈ શકશે.**

સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવની અન્ય વિગતો યથાવત્ રહેશે.

આ ઠરાવનો અમલ તેની રવાનગી તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
- ❖ માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- ➢ માનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગ (ખાતાના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- ➢ એકાઉન્ટ જનરલ–૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલ–૨ (એ. એન્ડ ઈ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- ➢ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર.
- ➢ પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- ➢ નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.
- ➢ સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.
- ➢ સિલેકટ ફાઈલ– ઝ. ૧ શાખા.

---

❖ પત્ર ધ્વારા.

--0--

‘હું’ અને ‘મારું’ કરવા કરતાં ‘આપણે’ અને ‘આપણું’ કરવાથી જીવન વધારે સુખમય લાગે છે.

# ફાજલનું રક્ષણ એક અવિરત લડાઈનું પરિણામ




અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ એ સમગ્ર દેશમાં સૌથી મોટુ શિક્ષણનું સંગઠન છે જે રાષ્ટ્ર સેવાને સર્વોત્તમ માનીને સમાજ અને શિક્ષકો ને રાષ્ટ્રહિત માટે પ્રેરિત કરે છે. જે ભારત ના બધા રાજ્યો મા વિસ્તરીત છે. આપણા ગુજરાત રાજ્યમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ એ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સાથે સંલગ્ન છે. જે પ્રાથમિક થી લઇ મહાવિદ્યાલય સુધી ના શિક્ષકોને સંગઠીત કરી રાષ્ટ્રસેવામા અને સમાજ સેવા માટે ની પ્રેરણા આપનારૂ સંગઠન છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત ના પ્રમુખ ધનશ્યામભાઈ પટેલ અને મહામંત્રી ભીખાભાઈ પટેલ ની સખત મહેનત થી ગુજરાત સરકાર ને શિક્ષકોના પ્રશ્નો અંગે ઉકેલ લાવવામાં રસ લઈ પ્રશ્નો ઉકેલ્યા છે. જેમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ની સખત મહેનત અને સચોટ રજુઆત નું પરીણામ છે છેલ્લા દોઢ દાયકા થી1998 પછી નિમણૂક પામેલા શિક્ષકોને રક્ષણ વગરની કફોડી હાલતમાં જોઈ શિક્ષકો ને જીવતદાન સમાન ગર્વભેર રક્ષણ અપાવવા નો શ્રેય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ને ફાળે છે. વર્ષ 2013 માં માધ્યમિક વિભાગમાં યોજાતી બોર્ડ ની ચુંટણી માં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે ગુજરાત ના સંગઠનોની હ્રદયસમી સીટ જેમાં કર્ણાવતી શહેર&ગ્રામ્ય, આણંદ, ભાવનગર અને સુરેન્દ્રનગર જેવા ધુરંધર જિલ્લામાં આર. પી.પટેલ ને ચુંટણીમાં ઉમેદવારી કરાવીને ધોબી પછાડ જીત મેળવી, સમગ્ર ચુંટણી પ્રચારમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ના પ્રમુખ ધનશ્યામ

ભરતસિંહ ચાવડા સુરેન્દ્રનગરે અનેક શિક્ષકોની સભાઓ સંબોધી હતી. જેમાં 1998 પછી નિમણૂંક પામેલા શિક્ષકોને કાયમી ધોરણે રક્ષણ અપાવવા ની ખાતરી સાથે શિક્ષકો હૃદય જીતી જીત મેળવી. સત્યની સાથે ચાલનારા આ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત સંગઠને શિક્ષકો ને કાયમી ધોરણે રક્ષણ માટે ની રજૂઆત અને મિટિંગો નો દોર શરૂ કર્યો. 2013 મા અંબાજી ખાતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રમુખ ધનશ્યામ ભાઈ પટેલ અને મહામંત્રી ભીખાભાઈ પટેલે આ ગંભીર પ્રશ્ન અંગે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ રાજસ્થાનના ધુરંધર અને તેજસ્વી વક્તા જે રાજસ્થાન માધ્યમિક વિભાગમાં બોર્ડ મેમ્બર છે તેવાશ્રી મોહનજી પુરોહીત ના માર્ગદર્શન હેઠળ આ રક્ષણ ના પ્રશ્નને વાચા આપી ઉકેલાય તેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું અને સરકાર ને રૂબરૂ આવેદનપત્ર આપ્યું. વર્ષ 2014 ની શરૂઆતમાં અમદાવાદ ખાતે ની મિટિંગમા આ પ્રશ્ન અંગે ભરતસિંહ વગેરે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ના કાર્યકરોએ ગંભીર થઈ  રજુઆતો મજબૂત બનાવવા માટે માંગ કરી વર્ષ 2014 માં રાજ્ય કારોબારી પાટણ  ખાતે ફરીથી આ પ્રશ્ન બાબતે સજાગ બની કામ કરવાની કાર્યકરો ની માંગ સાથે ભાવિનભાઈ ભટ્ટ ભાવનગર જિલ્લામાંથી જોડાયા, જેમાં  રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની કારોબારીએ આ માંગણી વાજબી ગણાવી ને રક્ષણ ના પ્રશ્નની ચિંતા વ્યક્ત કરી. કારણ કે સરકાર ના 2012 ના પરિપત્ર મુજબ માધ્યમિક વિભાગમાંથી ધોરણ 8 ને પ્રાથમિક શાળામાં લઇ જવાની કામગીરી પૂર્ણ થયા બાદ સરકાર દ્વારા કોઇ નવી નીતિ  નક્કી ન થાય ત્યાં સુધી માત્ર 2014 સુધી અસર વાળા શિક્ષકો ને છુટા નહિ કરાય તેવો નિર્ણય હતો. પરંતુ 2014 ની સાલ પુરી થવાને હવે બહુ ઓછા દિવસો બાકી હતા, સરકાર ની ધોરણ 8 ને પ્રાથમિક શાળામાં લઇ જવાની નીતિથી એક વર્ષ અગાઉ વર્ષ 2011 માં સરાસરીનું રક્ષણ આપેલ જે પછી ધોરણ 8 ગયા પછી પણ શિક્ષકો ને ફાજલ જાહેર કરી અન્ય જગ્યાએ ફાળવવામાં આવ્યા. પરંતુ 2012 ના પરિપત્ર મુજબ 2014 પછી શું? તેના જવાબમાં સમગ્ર રાજ્યના શિક્ષકો મીટ માંડીને બેઠા હતા ત્યારે આ અંગે 2015 ની સાલની શરૂઆત શિક્ષકો માટે  ખૂબ ચિંતા અને મૂંઝવણ ભર્યા દિવસોમાં વ્યતીત થઈ પરંતુ આ વખતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ તેની મહેનતમાં કોઈ કચાશ રાખવા માગતુ નહોતુ સુરેન્દ્રનગર ના કાર્યકર ભરતસિંહ ચાવડાને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ની સુચનાથી સમગ્ર રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને સંગઠીત કરવા માટે ની જવાબદારી સોંપવામાં આવી અને 'શિક્ષક હિત રક્ષક સમિતિ ગુજરાત ના કન્વીનરની જવાબદારી સોંપવામાં આવી. સતત પ્રયત્નશીલ રહી ને ભરતસિંહએ રાજ્ય ના તમામ જિલ્લા ના માધ્યમિક

અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ના શિક્ષકોને વોટસએપ ગૃપ થી જાગ્રત કર્યા. લગભગ 50 જેટલા ગૃપના માધ્યમથી શિક્ષકો ને રક્ષણ માટે જાગૃત કર્યા. લગભગ અવિરત છ મહિના સુધીની મહેનત બાદ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રમુખ ધનશ્યામભાઈ પટેલ અને મહામંત્રી ભીખાભાઈ પટેલે શિક્ષકો ના રક્ષણ માટે સમગ્ર રાજ્યમાં બધા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવાની જાહેરાત કરી. જેની શરૂઆત સુરેન્દ્રનગર જિલ્લામાંથી થઈ ને સમગ્ર ગુજરાતમા આ શરૂઆત કરનાર રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સૌ પ્રથમ હતું. તારીખ 07/07/2015 ના રોજ સુરેન્દ્રનગર કલેકટરને આવેદનપત્ર અપાયું, જેની અસરથી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના કાર્યકર્તાઓ એ બધા જિલ્લામાં શરૂઆત કરી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ના શિક્ષકો માટે કપરો સમય ચાલી રહ્યો હતો. ત્યારે લગભગ કેટલાય શિક્ષકોને છુટા થવાની સંભાવનાનો અણસાર આવી ચુક્યો હતો. તેવા સમયમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનો ત્રીજું વાર્ષિક છઠ્ઠું અધિવેશન નાગપુરમાં યોજાવાનું હતું. આ સમયની તક ઝડપી માનનીય ભીખાભાઈ અને ઘનશ્યામભાઇએ ભાવીનભાઇ અને ભરતસિંહને રક્ષણ માટે ધારદાર રજૂઆત કરવા માટે તૈયારી કરવા કહ્યું. આ સુવર્ણ અવસરે શિક્ષકોના અવાજ ને સમગ્ર દેશમાં રજુ કરવાનો મોકો રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘને આભારી હતો. તારીખ 9,10,11 ઓક્ટોબર 2015 ના રોજ સમગ્ર દેશમાંથી આવેલા વિવિધ રાજ્યોના શિક્ષકોની વચ્ચે અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પદાધિકારીઓ અને ભારત સરકાર ના કેબિનેટ કક્ષાના મંત્રીઓની સામે રક્ષણનો મુદ્દો શિક્ષક હિત રક્ષક સમિતિ ગુજરાતના કન્વીનર ભરતસિંહ ચાવડાએ જોરશોરથી ઉઠાવ્યો. જેનો વિડિયો પણ આપણા બ્લોગમાં મુકેલ છે. આ રજૂઆતની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લેવામાં આવી. આમ રક્ષણ માટે ની રજૂઆત દેશમાં સૌ પ્રથમ વખત રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના માધ્યમથી થઈ હતી. જેનાથી રક્ષણ મેળવવા ના કામ ને ગતિ મળી. મહારાષ્ટ્ર રાજ્યના નાગપુર અધિવેશન બાદ રક્ષણ ના કાર્યને ગતિમાંથી પ્રગતિમાં ફેરવવા માટે ધનશ્યામભાઈ પટેલ અને મહામંત્રી ભીખાભાઈ પટેલ, ભરતસિંહ ચાવડા અને બોર્ડ મેમ્બર આર.પી.પટેલે મુખ્યમંત્રી આનંદીબેન પટેલની રૂબરૂ મુલાકાત લીધી હતી. અને ફાજલ શિક્ષકોને કાયમી ધોરણે રક્ષણ માટેની રજૂઆત કરી હતી. માનનીય મુખ્ય મંત્રીની વાતચીત દરમિયાન ભીખાભાઈ એ રક્ષણ માટે સતત આગ્રહ રાખ્યો અને મુલાકાત સફળ રહી. તારીખ 08/11/2015 ના રોજ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની રાજ્ય કારોબારી હેડગેવાર ભવન કર્ણાવતી ખાતે શ્રી મહિન્દ્રકપુરજી અને મોહનજી પુરોહીત ની ઉપસ્થિતમાં રક્ષણ નો પ્રશ્ન કાર્યકરો દ્વારા કરવામાં આવેલ જેની ફલશ્રુતિ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે રક્ષણ માટે શિક્ષકો ને એકત્રીત કરી ને સરકાર સામે પોતાની માંગ ને મજબૂત બનાવવા માટેની તૈયારી શરૂ કરાઈ.

મિત્રો,આપની જાણમાં રહે કે ગુજરાતના એક પણ સંગઠન ને ત્યારે શિક્ષકોની સભા નો વિચાર સુધ્ધાં પણ નહોતો આવ્યો. તેવા કપરા સમયમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે હિંમત બતાવી અને તારીખ 23/12/2015 ના રોજ ભાવિનભાઈ ભટ્ટ અને ભરતસિંહ ચાવડાએ સખત મહેનત કરી શિક્ષકો ને અમદાવાદ શહેર હેડગેવાર ભવન ખાતે એકત્રીત કર્યા. જ્યાં ભારતના પશ્ચિમ વિભાગના ક્ષેત્ર કાર્યવાહ શ્રી સુનીલભાઈ મહેતા મહોદય અને મોહનજી પુરોહીતની ઉપસ્થિત માં ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી માનનીય નાનુભાઈ વાનાણી સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. જેમા રક્ષણ માટે ની રજૂઆત માટે માનનીય મોહનજી પુરોહીતે પોતાની તેજસ્વી વાણી થકી રક્ષણ ની માંગણી ને મજબૂત અને જરૂરી ગણાવી. જ્યાં ભરતસિંહે પણ આક્રોશ ઠાલવ્યો અને ભરતસિંહ તેમજ ભાવિનભાઈ ભટ્ટે મંત્રી શ્રી ને કાયમી ધોરણે રક્ષણ માટે આવેદનપત્ર આપ્યું. મંત્રી શ્રી એ હકારાત્મક અભિગમ અપનાવ્યો અને આ માટે ઘટતું કરવાની વાત સ્વીકારી. એકંદરે આ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની ગુજરાતના શિક્ષકોને સંગઠીત કરવાની મહેનત સફળ રહી ગુજરાતના એકમાત્ર સંગઠન રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે આ શિક્ષકોની સભા ભરવાની હિંમત કરી. તારીખ 17/01/2016 ના રોજ મહેસાણા જિલ્લાના કલોલ ની જોયકુલ હાઈસ્કૂલમાં રાજ્ય કારોબારી મળી. જેમાં માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દસિંહ ચુડાસમા સાહેબની હાજરી સુચક બની. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની લાંબા સમય સુધી રક્ષણની માંગણીને મંત્રી સમક્ષ ઘનશ્યામભાઈ પટેલ અને મહામંત્રી ભીખાભાઈ દ્વારા કરવામાં આવી જે સકારાત્મક રહી. આ સમયે રક્ષણ માટે હજુ અન્ય સંગઠનો સુષુપ્ત અવસ્થામાં હતા. તેવા સમયે કારોબારીએ સમતાનો ભાવ રાખી જો અન્ય સંગઠન દ્વારા રક્ષણ માટે લડત અપાય તો રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના કાર્યકરો ને સહકાર આપી જોડાવવા ની હાકલ કરાઇ. આમ સતત રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની મહેનતથી પ્રેરાઇ માત્ર ઉચ્ચતર માધ્યમિક સંઘ દ્વારા ઘરણા કાર્યક્રમ યોજાયો જેમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારો દરેક જિલ્લામાં આ કાર્યક્રમમાં બધા શિક્ષકો ને જોડયા. જેમા અમદાવાદ,વડોદરા અને સુરેન્દ્રનગર જિલ્લામાં તો ખરેખર રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ના કાર્યકરો ખુબજ મોટી સંખ્યામાં જોડાયા. આમ શિક્ષકો માટેના પ્રશ્નો બાબતે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે કોઇ જાતની ખટપટમાં પડ્યા વગર શિક્ષકો ના હિત ને મહત્વ આપ્યું. આમ સતત લડત ચલાવી ત્યારે અકલ્પનીય પ્રશ્નો સામે આવવા લાગ્યા. અને સરકાર તરફથી શિક્ષકોની માહીતી મંગાવવામાં આવી હતી. જે ફાજલ શિક્ષકોને માટે નુકસાનકારક સાબિત થાય તેમ હતી. તે સમયે સૌરાષ્ટ્રમાં ભાવીનભાઇ સંગઠન કાર્ય માટે સતત પ્રયત્નશીલ હતા. ત્યારે સૌરાષ્ટ્રમાં રાજકોટ, ગોંડલ, ભાવનગર, તેમજ મોરબી અને સુરત જિલ્લામાંથી શિક્ષકોના જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પગારો અટકાવવાના સમાચાર સાંભળીને ભાવીનભાઇ એ તારીખ 10/04/2016 ના રોજ

વિદ્યાધામ ખાતે સંગઠનની મિટિંગમાં મહિન્દ્રકપુરજી અને મોહનજી પુરોહીત સમક્ષ રક્ષણ માટેની રજૂઆત કરી હતી. અને આ ગંભીર પ્રકારની  કટોકટી વખતે રક્ષણ અંગે સતત  સરકાર પર દબાણ લાવવા માટેની અરજ કરી. ત્યારે બીજા દિવસે 11/04/2016 ના રોજ બોર્ડ મેમ્બર આર. પી.પટેલ અને અમિતભાઇ શિક્ષકો સાથે મંત્રીશ્રી ભુપેન્દસિંહ ચુડાસમા સાહેબને રૂબરૂ આવેદનપત્ર આપવા ધસી ગયા. સમગ્ર પરિસ્થિતિની ગંભીરતાથી ચિંતિત રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારોએ તાત્કાલિક અસરથી અમદાવાદ ખાતે 02/06/2016 ના  રોજ મિટિંગ બોલાવી. સામાન્ય રીતે કોમળ સ્વભાવના મહામંત્રી ભીખાભાઈ એ સરકાર પર દબાણ લાવવા માટે જોરદાર જાહેરાત કરી કે હજી એકવાર ફરી રજૂઆત કરી પ્રયત્ન કરીશું. અને જો આ વખતે રક્ષણ નહીં મળે તો આવતા મહિને સમગ્ર ગુજરાતમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ના શિક્ષકો વિવિધ પ્રશ્નો સાથે  ગાંધીનગર ખાતે 'મહારેલી' યોજશે. ગુજરાતમાં સૌ પ્રથમ આવી સિંહ ગર્જના કરનાર રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે હવે સતત પોતાનું ધ્યાન ગાંધીનગર ખાતે સ્થિર કર્યું. આ સંકટ સમયે આર.પી.પટેલ અને અમિતભાઇ સોનીએ ભીખાભાઈની સુચના અને માર્ગદર્શન મુજબ તારીખ 06/06/2016 ના રોજ મંત્રીશ્રી ભુપેન્દસિંહ ચુડાસમા સાહેબ સાથે મુલાકાત કરી. અને રક્ષણ ની માંગણી સાથે શિક્ષકોને છુટા કરવાના નિર્ણય સામે વિરોધ વ્યક્ત કર્યો. આ સમયે કેટલાક સંગઠનો દ્વારા શિક્ષકોને  ગેરમાર્ગે દોરવાનો પ્રચાર કર્યો તેને પણ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘએ ખુલ્લો પાડયો. આવા સમયે સુરેન્દ્રનગર જિલ્લામાં છુટા કરવામાં આવેલ શિક્ષીકાની મદદમાં પણ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની પહેલી પહેલ રહી. ત્યાર બાદ તારીખ 13/06/2016 ના રોજ ગાંધીનગર ખાતે માનનીય શિક્ષણ મંત્રી ભુપેન્દસિંહ ચુડાસમા સાહેબ સાથે બોર્ડ મેમ્બર આર. પી.પટેલ અને અમિતભાઇ સોની એ રૂબરૂ મુલાકાત લીધી હતી ત્યારે સુરેન્દ્રનગર થી ભરતસિંહ ને રસ્તામાં અકસ્માત થતાં માથ ના ભાગે ઇજા પહોંચી હતી. આ વખતે મહારેલી ની ચીમકીની અસર સ્પષ્ટ દેખાઈ હતી. ત્યાર બાદ 20/06/2016 ના રોજ શિક્ષક હિત રક્ષક સમિતિ ગુજરાતના કન્વીનર ભરતસિંહ ચાવડા, બોર્ડ મેમ્બર આર.પી.પટેલ અને અમિતભાઇ સોની ગાંધીનગર ખાતે માનનીય શિક્ષણ મંત્રી ભુપેન્દસિંહ ચુડાસમા સાહેબ ને રૂબરૂ મુલાકાત લઈ શિક્ષકો ના હિત માટે રક્ષણનું રટણ ચાલુ રાખ્યું ત્યારે શિક્ષણ મંત્રીના મંદ મંદ હાસ્ય થી કંઇક નવીન સમાચારની આશા પણ હતી. છેલ્લાં સત્તર વર્ષનો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોનો પ્રાણરૂપ પ્રશ્ન કે જેના માટે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની રજૂઆતોની અસર થયા વગર રહી શકે તેમ નહોતી. તે સમયે  શિક્ષણમંત્રી એ નિર્ભય બની શિક્ષણ કાર્ય માટે ધ્યાન આપવું એમ ખૂબ જરૂરી હકારાત્મક અભિગમ

સાથે આજે સી.એમ. સાથે મિટિંગ છે તેમ કહી મંત્રીશ્રી સી.એમ કાર્યાલય ગયા. અને અમે સૌ કાર્યકરો દરવખતની જેમ  ગાંધીનગરની ચા ની ચુસ્કી વખતે આજે જોવામળેલ મીડિયાની સંખ્યા વિશેની વાતો કરતા જ  જાણવા મળ્યું કે અત્યારે માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલે શિક્ષકોને રક્ષણ ની જાહેરાત કરી ટુંક સમયમાં રાજ્ય સરકાર આ બાબતે હકારાત્મક વલણ અપનાવી પરિપત્ર બહાર પાડશે. આ વાત સમગ્ર રાજ્યમાં ફેલાઈ ગઈ અને શિક્ષકોના આનંદનો પાર ના રહ્યો. મનોમન રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘને નમન કરી આનંદ સાથે છુટા પડ્યા. બરાબર બે દિવસ બાદ પાછી ચિંતા પેઠી કે રક્ષણ આપશે તો કેવા પ્રકારનુ આપશે? બધા શિક્ષકોનો સમાવેશ કરવામાં આવશે કે નહીં? રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના મહામંત્રી ભીખાભાઈ પટેલે અમને  આશ્વસ્ત કર્યા કે ચિંતા કરશો નહી આપણું સંગઠન સમાજ અને રાષ્ટ્રહિતના કાર્યો કરનારૂ સંગઠન છે તેની આટલી મહેનતથી અશક્ય પણ શક્ય બની જશે અને તમે સૌ કાર્યકરો શિક્ષકો સાથે છેલ્લીવાર મંત્રી ને24/06/2016 ના રોજ મુલાકાત માટે જજો અને તમારા માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ક્યારેય નહીં થયો હોય તેવો સરળ અને સારો  પરિપત્ર થશે તેવી આશા આપી. આમ ફરી બોર્ડ મેમ્બર આર.પી.પટેલ, અમિતભાઇ સોની અને શિક્ષક મિત્રો સાથે મળીને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની દરવખતની જેમ લેટર પેડ સાથેની મુલાકાત શિક્ષણ મંત્રી ભુપેન્દસિંહ ચુડાસમા સાહેબ સાથે થઇ. વિજયભાઇ રૂપાણી સાહેબને પણ મળ્યા, વસુબેન અને વાનાણી સાહેબને પણ મળ્યા. અને લગભગ બપોરના બાર વાગ્યા પછી શિક્ષણ વિભાગમાં હલચલ મચી અને ગુજરાત ના શિક્ષકો એ ક્યારેય પણ ન જોયો હોય તેવો કશાજ આટા પાટા વગરનો અને સંજીવની સમાન ઠરાવ અમારા જેવા બનાવેલા વોટસએપમાં ફરતો થયો ને આનંદની ચીચીયારીઓ સાથે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના વિજયી જય ઘોષના નાદ સાથે રાજ્યના સૌ શિક્ષકો હર્ષિત થઈ ઊઠ્યા અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની મહેનત ની સોડમ મરૂત સાથે જાણે કેટલાય શિક્ષકોના પરીવાર જનો સુધી પહોંચી. આમ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્યની કારોબારી તથા પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, મહામંત્રી ભીખાભાઈ પટેલ, બોર્ડ મેમ્બર આર.પી.પટેલ, અમિત ભાઇ સોની અને ભાવીનભાઇ વગેરે હોદ્દેદારો ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દસિંહ ચુડાસમા સાહેબ સાથે અને વિજયભાઇ રૂપાણી સાથે શુભેચ્છા મુલાકાત લઇ તમામનો ખુબ ખુબ આભાર માન્યો. શિક્ષણ વિભાગના સચિવ, અગ્રસચિવ અને નિયામક જોશી સાહેબનો પણ આભાર માન્યો. આમ સતત અને સખત મહેનતથી શિક્ષક હિતનું કામ કરી  રાષ્ટ્રસેવામાં સમાજ સેવા માટે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ  જોડાઈ ગયો.

-ભરતસિંહ ચાવડા પ્રમુખ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ

સુરેન્દ્રનગર અને

કન્વીનર શિક્ષક હિત રક્ષક સમિતિ ગુજરાત

# આભાર દર્શન

આ અંક તૈયાર કરવામાં સાથ આપનાર સર્વે મિત્રોનો ખુબ ખુબ આભાર. સતત માર્ગદર્શન પુરુ પાડનાર ભીખાભાઈ, ભુદરભાઈ ,કિશોરભાઈ,ભરતસિંહ,દિનેશભાઈ,મહેશભાઈ અને મારા વ્હાલા શિક્ષકમિત્રો સર્વેનો આભાર.

મિત્રો, આપ પણ આગામી અંક તૈયાર કરવામાં સહભાગી બનો. આપના લેખ વાર્તા કે અન્ય કોઈ બાબત જે શિક્ષકોને ઉપયોગી અને પ્રેરણાદાયી હોય તો તમારા સરનામા સાથે
**rsmguj@gmail.com** પર મોકલી આપો. જો યોગ્ય લાગશે તો અંકમાં સ્થાન આપવામાં આવશે. આપ પણ રાષ્ટ્રવાદી વિચારો ધરાવતા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સાથે જોડાઈ સંગઠનને મજબુત બનાવો. આ અંકને આપના તમામ મિત્રો સુધી પહોચાડો. આપ આ અંકને **rsmgujarat.blogspot.in** જઈ વાંચી શકો છો.

